# કેન્સર શું છે





સી.બી.સી. સી. - યૂ.એસ.એ. તરફથી મળેલ પાયારૂપ અનુદાનમાંથી આ સામગ્રીની આંશિક રચના શક્ય બની છે.

## કેન્સર માત્ર એક રોગ નથી

કેન્સર ઘણાં બધા પ્રકારના હોય છે. આ ફક્ત એક જ રોગ નથી. કેન્સર શરીરના વિવિધ ભાગોમાં શરૂ થઇ શકે છે. આ ફેફસાં, સ્તન, મોટું આંતરડું કે લોહીમાં પણ થઇ શકે છે. કેન્સર અમુક અર્થોમાં સમાન હોય છે, પણ દરેક પ્રકારનું કેન્સર તેનો વિકાસ અને (શરીરમાં) ફેલાવવામાં તે અલગ પ્રકારે હોઇ શકે છે.

## કેન્સર કેવી રીતે સમાન હોય છે

આપણાં શરીરના દરેક કોષોને કેટલાક વિશિષ્ટ કામ કરવાના હોય છે. સામાન્ય કોષો સાધારણ રીતે વહેંચાયેલા છે. તે જૂની અથવા નાની હોવાને લીધે મૃત થઇ જાય છે અને પછી તે નવા કોષો દ્વારા બદલવામાં આવે છે. કેન્સર એક એવો રોગ છે જેમાં કોષો અનિયંત્રિત રીતે વધતાં જાય છે. કેન્સરના કોષો વધતાં જાય છે અને નવા કોષો બનતાં જાય છે. આ ફેલાઇને સાધારણ કોષોને હટાવી દે છે. આને લીધે શરીરના એ ભાગમાં સમસ્યા થાય છે જ્યાં કેન્સર રોગ શરૂ થયો છે.

India Cancer Initiative

Distributed by

Cancer Patients Aid Association
TOTAL MANAGEMENT OF CANCER

American Cancer Society®

કેન્સરના કોષો શરીરના અન્ય ભાગોમાં પણ પ્રસરી જતાં હોય છે. દાખલા તરીકે, કેન્સરના કોષો ફેફસાંમાંથી હાડકાં પ્રવેશી અને ત્યા ઉછરી શકે છે, જ્યારે કેન્સરના કોષો પ્રસરી જાય, ત્યારે તે મેટાસ્ટેટાસિસ (મે-ટાસ-ટ-સિસ) કહેવાય છે. જ્યારે કેન્સરના કોષો પ્રસરી જાય, ત્યારે તે હજી પણ ફેફસાંનું જ કેન્સર કહેવાય છે કારણ કે તે ત્યાંથી શરૂ થયું છે. આને ત્યાં સુધી તે હાડકાંનું કેન્સર નહીં પણ ફેફસાંનું જ કેન્સર કહેવાય છે કારણ કે તે ત્યાંથી શરૂ થયું છે. આને ત્યાં સુધી હાડકાંનું કેન્સર નહીં કહેવાય જ્યા સુધી તે હાડકાંમાંથી શરૂ થયું ન હોય. કેન્સર કેટલીકવાર સારવાર પછી ફરીથી થાય છે, મોટેભાગે એ જગ્યા એ જ્યાં તે શરૂ થયું હતું પણ કેટલીકવાર બીજી જગ્યા એ જેમ કે ફેફસાં, લીવર, મગજ તે હાડકાં.

## કેન્સર જુદા-જુદા કેવી રીતે હોય છે

અમુક કેન્સર ખૂબ જ ઝડપથી વૃદ્ધિ અને પ્રસાર પામતાં હોય છે. અન્ય વધુ ધીમે-ધીમે વૃદ્ધિ પામે છે. કેન્સરોની સારવાર પ્રત્યે અલગ-અલગ રીતે પ્રતિક્રિયા આપતાં હોય છે. અમુક કેન્સર ઓપરેશન કે રેડિએશન થેરેપી દ્વારા સૌથી સારી રીતે સારવાર આપવામાં આવે છે. અન્ય કેન્સર દવાઓમાં જેમને કીમોથેરાપી (કી-મો-થેર-અ-પી)થી સારી રીતે સારવાર કરવામાં આવે છે. સામાન્ય રીતે સૌથી સારૂ પરિણામ મેળવવા માટે 2 કે તેથી વધુ પ્રકારે સારવારને ઉપયોગમાં લાવી શકાય છે.

જ્યારે કોઇ વ્યક્તિને કેન્સર હોય તો ડોક્ટર એ ખબર લગાવવાનો પ્રયાસ કરે છે કે આ કયા પ્રકારનું કેન્સર છે. કેન્સર ગ્રસ્ત લોકો એ સારવારની જરૂર હોય છે જે તેમના કેન્સરના પ્રકાર પર કેન્દ્રિત હોય.

## ગાંઠો (ટયૂમર્સ) શું છે

મોટા ભાગે કેન્સર એક ગાંઠ બનાવે છે જેને ડોક્ટર ટયૂમર કે ગ્રોથ કહે છે. બધા જ પ્રકારના ટયૂમર્સ(લમ્પસ) (ગાંઠો) કેન્સર નથી હોતાં. ડોક્ટરોને ગાંઠનો એક ટૂકડો બહાર નીકાળવાનો હોય છે અને એની તપાસથી એ ખબર લગાડવા માટે હોય છે તે શું આ કેન્સર છે. જે ગાંઠો કેન્સર ન હોય તેમને બીનાઇન કહે છે. એ ગાંઠો જે કેન્સર હોય છે તેમને મૈલિગનન્ટ(મૈ-લિગ-નન્ટ) કહે છે.

અમુક અન્ય પ્રકારના કેન્સરો હોય છે, જેમ કે લ્યુકેમિયા (લોહીનું કેન્સર) જે ગાંઠો બનાવતું નથી. આ લોહીમાં અથવા શરીરના અન્ય કોષોમાં વધે છે.

## તમારા કેન્સરનો કયો તબક્કો છે

ડોક્ટર્સને એ પણ જાણવાની જરૂરિયાત હોય છે કે શું કેન્સર એ જગ્યા જ્યાંથી શરૂ થયું હતું શરીરમાં કેટલું ફેલાયું છે. જો એમ હોય તો તેના માટે એ જાણવું જરૂરી છે કે આ કેટલું ફેલાઈ ચૂક્યું છે. જ્યારે ડોક્ટરને આની ખબર લાગી જાય છે ત્યારે એ તમને બતાવી શકે છે કે તમારા કેન્સરનો કયો તબક્કો છે.

દરેક પ્રકારના કેન્સરમાં એવી તપાસ ઉપલબ્ધ છે જેમને કરવાથી એ ખબર લગાવી શકાય છે કે કેન્સરનો તબક્કો કયો છે. નિયમાનુસાર એક પ્રારંભિક (નીચલી) અવસ્થા (જેમ પહેલી કે બીજી અવસ્થા)નો અર્થ છે કે કેન્સર વધુ ફેલાયું નથી. એક વધેલી (ઉચ્ચ)- અવસ્થા જેમ કે ચોથી અવસ્થાનો અર્થ છે કે કેન્સર વધારે ફેલાઇ ગયું છે. પોતાના ડોક્ટરથી કેન્સરની અવસ્થાના વિશે વિસ્તારથી જાણો અને એ શબ્દોમાં જેમને તમે સમજાવી રહ્યા તે સમજી શકે છે કે તમારા માટે આનો શો અર્થ છે.

## કેન્સરની સારવાર કેવી રીતે થાય છે

કેન્સર માટેની સર્વાધિક સામાન્ય સારવાર સર્જરી, કીમોથેરપી અને રેડિએશન (રે-ડિ-એ-શ-ન) છે.

સર્જરીનો ઉપયોગ કેન્સરે દૂર કરવા માટે ત્યારે કરવામાં આવે છે જ્યારે તે એક અંગ સુધી સીમિત હોય છે, જ્યાંથી તે શરૂ થયું હોય છે. સર્જન કેન્સરથી પ્રભાવિત ભાગ કે આખા શરીરને નીકાળી દે છે. સ્તનના કેન્સરમાં સ્તનનો હિસ્સો કે સંપૂર્ણ સ્તન દૂર કરવામાં આવે છે. પ્રોસ્ટેટ કેન્સરમાં પ્રોસ્ટેટને પણ નીકાળી શકાય છે, પણ સર્જરીનો ઉપયોગ બધા પ્રકારના કેન્સર માટે નથી થતો.

કીમો(જે કીમોથેરપીનું ટૂકું નામ)માં દવાઓનો ઉપયોગ કેન્સરના કોષોને મારવા માટે અથવા તેમની વૃદ્ધિ ધીમી પાડવા માટે કરવામાં આવે છે. અમુક કીમો એક ઈન્જેક્શનમાં ભરીને સોય દ્વારા નસોમાં આપવામાં આવે છે. અમુકને એક શાટ રૂપે અને અન્યને ગોળી કે પ્રવાહીના રૂપે મોંથી ગળવામાં આવે છે, કારણ કે કીમોની પહોંચ શરીરના બધા જ અંગો સુધી હોય છે, આ એ કેન્સરમાં ઉપયોગી હોય છે જે ફેલાયેલું હોય છે.

રેડિએશન સારવારનો ઉપયોગ કેન્સર કોષોનો નાશ કરવા માટે કે વૃદ્ધિને ધીમી પાડવા માટે વપરાય છે. આનો ઉપયોગ એકલી સર્જરી કે કીમો સાથે પણ કરી શકાય છે. રેડિએશન સારવાર એક્સ-રે લેવાની જેમ હોય છે. અથવા અમુકવાર આને રેડિએશનયુક્ત સીડોને પ્રભાવિત અંગોના રોગગ્રસ્ત ભાગની અંદર રાખીને કરવામાં આવે છે, જ્યાંથી તેઓ ટયૂમરની અંદર રેડિએશન પહોંચાડે છે.

## મારા માટે કઇ સારવાર ઉત્તમ છે

તમારા કેન્સરની સારવાર એ તથ્ય પર નિર્ભર કરશે કે તમારા માટે સૌથી સારી સારવાર કઈ છે. અમુક કેન્સર સર્જરી સારી પ્રતિક્રિયાઓ આપે છે. અમુક પ્રકારના કેન્સર કીમો અને સર્જરી કે કીમો અને રેડિએશનથી સારી સારવાર થાય છે. પોતાના કેન્સરના પ્રકારને જાણીને એ જાણવાની કોશિશમાં કરો કે કઈ સારવાર તમારા માટે સૌથી વધુ ઉપયોગી રહેશે.

તમારા કેન્સરની અવસ્થાથી તમારા ડોક્ટરને એ જાણવામાં મદદ મળશે કે તમારા માટે સૌથી સારી સારવાર કઈ છે. દાખલા તરીકે એક ત્રીજી કે ચોથી અવસ્થાનું કેન્સર એ સારવારોને બહેતર પ્રતિક્રિયા બતાવે છે જે આખા શરીરને સારા કરવાવાળા હોય છે. જેમ કે કીમોથેરાપી.

તમારૂં સ્વાસ્થ્ય અને જે સારવારની તમે પ્રાથમિકતા આપો છો તે જ એ નિર્ધારીત કરવાનો એક ભાગ હોય છે કે તમારા માટે સૌથી સારી સારવાર કઈ હશે, કારણ કે બધા જ પ્રકારની સારવાર તમારા કેન્સર પર કામ નહીં કરે આખરે આ વિશે નિશ્ચિંત થઈ જાઓ કે તમે પોતાના વિકલ્પોને જાણો છો, કારણ કે સારવારોના પ્રતિકૂળ પ્રભાવ પણ હોય છે, આથી આ વિશે નિશ્ચિંત થઈ જાઓ કે તમારે દરેક સારવાર સાથે શેની અપેક્ષા રહેશે.

પ્રશ્નો પૂછતાં ગભરાવ નહીં. એ જાણવાનો તમારો અધિકાર છે કે કઈ સારવારો તમને સર્વાધિક મદદ કરી શકશે અને કઈ આડઅસરો હશે.

©2010, American Cancer Society, Inc. No.011355
India Project

# આ મારી સાથે કેમ થયું

કેન્સરનું નિદાન થાય ત્યાર પછી એક વ્યક્તિના બધા સામાન્ય પ્રશ્નોમાંથી એક હોય છે કે મેં કયું ખોટું કામ કર્યું છે કે હું જ શા માટે, ડોક્ટરોને દરેક કેસમાં એ નિશ્ચિયરૂપથી ખબર નથી લાગતી કે કેન્સર શા માટે થયું. જ્યારે ડોક્ટર આના કારણને પૂરી રીતે સ્પષ્ટતાથી નથી બતાવી શકતા ત્યારે અમુક લોકો પોતાની મંશા લગાવવા લાગે છે કે તેમને આ રોગ શા માટે થયો.

કેટલાક લોકો માને છે કે તેઓએ કાંઈક કર્યું છે કે કાંઈક કરવામાં નિષ્ફળ ગયાં છે તેથી તેમને સજા મળી છે. કેટલાક માને છે કે જો તમને ખબર હોત કે જે સાચું છે તે કર્યું હોત તો તેમને કેન્સર ન થયું હોત. મોટા ભાગના લોકોને આશ્ચર્ય થાય છે કે જાણે તેમણે ગમે તે રીતે પોતાની જાતે જ તેને નોતર્યું છે.

જો તમને આવા વિચારો આવતાં હોય તો તમે એકલાં જ નથી. આ બધા જ વિચારો અને માન્યતાઓ કેન્સર સાથેના લોકોમાં સામાન્ય છે પણ કેન્સર તમારા ભૂતકાળના કૃત્યોની સજા નથી. તમારી જાતને દોષ દેવાનો કે એવા માર્ગો શોધવાનો કે કદાચ કોઈક રીતે તેનાથી બચી શકાયું હોત તેવું વિચારવાનો પ્રયાસ ન કરો. કેન્સર તમારી ભૂલ નથી અને લગભગ કયારેય એ શોધી શકાયું નથી કે ચોક્કસ કારણ શું છે. તેને બદલે, હદે પોતાની જાતની સારી કાળજી લેવા પર ધ્યાન દો.

વધુ માહિતી માટે કૃપા કરીને www.cancer.org ની મુલાકાત લો.

American Cancer Society® Global

cancer.org

CBCC COMPREHENSIVE BLOOD & CANCER CENTER *Outsmarting Cancer*

Creation of this material was made possible in part by a pioneering grant from CBCC-USA.